# લીવર કેન્સર વિશે તબીબોમાં ઓછી જાગૃતિ : ડો. દેસાઇ

ભાસ્કર ન્યૂઝ ● અમદાવાદ, ૨૯ જાન્યુઆરી. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી લીવરના કેન્સરના કેસ વધી રહ્યાં છે. આ પ્રકારના કેસમાં જો સમયસર નિદાન અને યોગ્ય સારવાર અપાય તો દર્દીનો જીવ બચાવી શકાય છે. પરંતુ વૈશ્વિક સ્તરની ટેકનોલોજી અને લીવર ટ્રાન્સપ્લાન્ટ જેવી સારવારપદ્ધતિથી લોકો તો અજાણ છે જ, પરંતુ ઘણાં ખરા તબીબો પણ અજાણ છે.' એપોલો હોસ્પિટલ ખાતે લીવર સર્જરી અંગે યોજાએલી બીજી રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સના કો-ઓર્ડીનેટર ડો.ચિરાગ દેસાઇએ આમ જણાવ્યું હતું.

## લીવર સર્જરી અંગે બીજી રાષ્ટ્રીય કોન્ફરન્સ

તેમણે ઉમેર્યું હતું કે 'ગુજરાતમાં હિપેટાઇટિસ-બી અને સી કેસ વધી રહ્યાં છે. જે કિસ્સાઓમાં સમયસર નિદાન ન થાય તો લીવરના કેન્સર થવાના ચાન્સ પણ વધી જાય છે. જોકે મોટાભાગના દર્દીઓ બીમારીના પ્રથમ તબક્કાને ખાસ ગંભીરતાથી લેતા નથી. જેને કારણે જ્યારે તબીબ રોગનું નિદાન કરે ત્યારે ઘણું મોડું થઇ ચૂક્યું હોય છે. આથી બીમારીના નિદાન અને સારવાર માટે લોકો જાગૃતિ તેમજ તબીબોને પણ વૈશ્વિક સ્તરની ટેક્નિકની માહિતી હોય તે જરૂરી છે.

છેલ્લા બે વર્ષમાં જ ૨૫થી ૩૦ ટકા દર્દીઓમાં હિપેટાઇટિસ બી અને સીનું નિદાન થયું છે. લીવરની બીમારીમાં કેન્સરના બે તબક્કા હોય છે. એક તો લીવરમાંથી જ શરૂ થતું કેન્સર અને શરીરના અન્ય ભાગમાંથી લીવરમાં પ્રસરેલું કેન્સર છે. યોગ્ય નિદાન અને સારવાર ન મળવાથી દર્દીના મગજ અને કિડનીને પણ તે અસર કરે છે. જેથી ઘણી વાર દર્દી માનસિક સમતુલા પણ ગુમાવી દે છે.

કોન્ફરન્સમાં દેશના નિષ્ણાત તબીબો સહિત લગભગ ૨૦૦ જેટલા તબીબોએ ભાગ લીધો હતો. જેમાં મુશ્કેલ લીવર સર્જરી અને નવીન ટેકનોલોજી વિશે તજજ્ઞોએ માહિતીનું આદાનપ્રદાન કર્યું હતું. કોન્ફરન્સમાં જાણીતા ડો. રાજશેખર, ડો.એસ.કે.માથુર, ડો. આદર્શ ચૌધરી તેમજ ડો. આર.સુરેન્દ્રન ઉપસ્થિત રહ્યાં હતાં.